**મહુધા ના મે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબ શ્રી ની કોર્ટ માં , મુકામ– મહુધા**

**રે.દિ.કેસ નં.–૫૬/૨૦૨૩**

<u>આંક–૦૫ ની વાદી ની સી.પી.સી. ઓ. ૩૯ , રૂલ્સ–૧ તા ૨ મુજબ ની</u>

<u>કામલચાઉ મનાઈ હુકમ મેળવવા ની અરજી લગત હુકમ</u>

| |
|---|
| વાદીઓ ના તરફે વિ.વ.શ્રી એમ.એ.મલેક |
| પ્રતિવાદી ના તરફે વિ.વ.શ્રી જી.કે. મકવાણા |

**(૧) વાદી ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી ની હકીકત:––**

મોજે અલીણા મધ્યે નવચોકીયા વિસ્તાર માં આવેલો પંચાયત ઘર નંબર–૧૧૩૩ અને ઘર નંબર– ૩૪૬, જેનો સીટી સર્વે નંબર– ૨૧૫, જેનુ ક્ષેત્રફળ ૫૧.૯૨ ચો.મી. તેમજ સીટી સર્વે નંબર–૨૧૬, જેનુ ક્ષેત્રફળ ૩૬.૨૨ ચો.મી. , સીટી સર્વે નંબર–૨૧૯, જેનુ ક્ષેત્રફળ ૩૫.૪૨ ચો.મી વાળી મિલકત વાદી ના નામે ગ્રામ પંચાયત રેકર્ડ માં ચાલે છે. અલીણા સીટી સર્વે આવતા તે

મિલકત નંબરો સી.સ. તરીકે આપેલા છે. તેમજ પંચાયત રેકર્ડ માં પણ વાદી ના નામે ચાલે છે. વાદી સદરહુ મકાન માં કુટુંબ કબીલા સાથે રહે છે અને ઈંટેરી મકાન આવેલ છે અને સદરહુ વાદી ના જુના માલીકી હકકો ના ડોકયુમેન્ટ પ્રમાણે સીટી સર્વે જે તે વખતે હદ ચોકસી કરી તે વખતે વાદી ને બોલાવેલા નહી પંરતુ સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ માં તેમને મન ફાવે તે રીતે રેકર્ડ માં માપ બતાવેલ છે તેની વાદી ને ખબર પડતા વાદી એ સીટી સર્વે માં દાવા અરજીમાં પેરા નંબર–૧ માં બતાવેલ મિલકત માં વાદી ની મિલકત માં માપ સુધારો કરવા તેમજ નકશો તથા સનદ માં સુધારો કરવા વાદી એ નાયબ કલેકટરશ્રી ની કચેરી, નડીયાદ ના ઓને અરજી કરેલી જે પેન્ડીંગ છે.

મિલકત નંબર–૨૧૯ તથા ૨૧૬ વાળી તે મિલકત વાદી ની વડીલોપાર્જીત મિલકત આવેલ છે. તેમજ સી.સ. નંબર–૨૧૫ વાળી મિલકત વાદી એ તેમના મુળ માલીક પાસે થી તેની મિલકત ના ૧/૩ હીસ્સો ખરીદ કરેલ છે.આમ વાદી ના પિતા એ તારીખ–૦૩/૦૩/૧૯૬૪ ના રોજ મ લેક હમીદમીયા ખાસાબમીયા ના ઓ પાસે થી અનરજીસ્ટર વેચાણ કરાર થી રાખેલુ અને તે વખતે ગ્રામ પંચાયત અસ્તિત્વ માં ન હતી જેથી વેચાણ કરાર માં તેના ખુંટ તેમજ તેનુ માપ લખેલુ છે જે માપ પ્રમાણે તો પુર્વ–પશ્ચિમ ૮ ફુટ તથા ઉતર દક્ષિણ ૩૯ ફુટ ૪ ઈંચ નુ માપ લખેલ છે. આમ વાદી ની મિલકત નંબર–૨૧૫, ૨૧૬ તથા ૨૧૯ સળંગ આવેલ હોય અને તેનુ સરખુ માપ ઉતર દક્ષિણ –૩૯ ફુટ અને ૪ ઈંચ જેટલુ આવેલ છે જેના ખુટ નીચે મુજબ છે.

પુર્વ– લાગુ મારગ આવેલ છે.

પશ્ચિમ– સી.સ. નંબર–૨૨૦ વાળી મિલકત આવેલી છે.

ઉતરે– રસુલખા મહંમદખા બીન જમાલખા નુ મકાન આવેલ છે.

દક્ષિણે – પાણી નો કાંસ આવેલ છે.

ઉપરોકત ચાર ખુંટ ની વચ્ચે વાદી ની માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટા ની મિલકત આવેલ હોય અને તેમા વાદી ના મકાન જુના અને જર્જરીત થઈ ગયેલ હોય અને વાદી ના સદર મકાન પડી ગયેલ હોય તથા વાદી સદર મિલકત માં મકાન બનાવવા માટે પ્રતિવાદી પાસે નવીન બાંધકામ ની મંજુરી માગેલ જેથી આ કામ ના પ્રતિવાદી એ તારીખ–૨૧/૦૨/૨૦૨૩ ના રોજ વાદી ને મકાન ની બાધકામ કરવા બાબતે ઠરાવ નંબર–૪૦/૧ થી મંજુરી આપેલી. ત્યાર બાદ વાદી એ તેઓ ની મિલકત માં મકાન બનાવેલ અને તે મકાન બે માળ નુ બનાવેલ છે.

ઉપરોકત ચાર ખુંટ વચલી જગ્યા વાદી ના પુરોગામી એ રાખેલી અને તેમા મકાન ૨૦૨૩ ન સાલ માં વાદીએ તેમની હદ માપણી મુજબ બાંધેલા અને તેનો વાપર ઉપભોગ વાદી કરે છે. જે મકાન જુનુ થઈ ગયેલ હોય તેન તોડી વાદી નવુ મકાન બનાવેલ છે. જેનુ પ્લાસ્ટર બાકી છે. પંરતુ વાદી ના વિરોધી વ્યકિત પંચાયત માં અરજી કરેલી અને જણાવેલ કે , આ કામ ના વાદી એ હદ માપ કરતા વધારે પંચાયત રસ્તા પૈકી ની જગ્યા માં ગેરકાયદેસર મકાન બનાવેલ છે અને વરસાદી પાણી નુ નીકાલ કરવા ના રસ્તા ઉપર મકાન બનાવેલ છે તે બાબત ની અરજી કરેલી એટલે પંચાયત ના ઓ એ કોઈ પણ જાત ના આધાર પુરાવા સિવાય માપણી કર્યા વગર તેમજ વાદી ના જુના દસ્તાવેજ જોયા વગર વાદી ને દાવાવાળી મિલકત ના માલીકી અંગે ના પુરાવા રજુ કરવા ની તક આપ્યા સિવાય વાદી ની સી.સ. નંબર– ૨૧૫, ૨૧૬ તથા ૨૧૯ ની ઉતર તરફ તથા સી.સ. નંબર–૧૩૦ તથા ૧૩૧ ની દક્ષિણ તરફ કોઈ પણ જાત નો રસ્તો આવેલ ન હોવા છતા તેમજ સી.સ. નંબર–૧૩૦ તથા ૧૩૧ ની દક્ષિણ દીશા

એ વાદી ની જ મિલકત આવેલ હોવા છતા તે અંગે ના કઈ આધાર પુરાવા વાદી પાસે માગેલ ન હોવા છતા તેમજ સી.સ. નંબર ના કોઈ પણ જાત ના દબાણ અંગે ના હુકમ સિવાય ગેરકાયદેસર રીતે તે જગ્યા માં દબાણ થયેલ છે કે કેમ તે અંગે લે.રે. કોડ ની કલમ–૬૧ મુજબ સીટી સર્વે નો હુકમ મેળવ્યા વગર ગેરકાયદેસર રતી વાદી ને તારીખ–૦૫/૦૯/૨૦૨૩ ના રોજ નોટીસો આપી અને તેમની નોટીસ માં કોઈ પણ જાત નુ દબાણ કર્યા બાબતે માપ દર્શાવ્યા સિવાય કે કઈ મિલકત માં દબાણ કર્યુ છે તેવી કોઈ પણ મિલકત નો નંબર દર્શાવ્યા સિવાય ફકત મોઘમ શબ્દો વાપરી ને દબાણ દુર કરવા બાબત ની નોટીસ મળે દીન'–૭ માં વાદી નુ બાંધકામ તોડી નાખવા માટે ધમકી આપતી ગેરકાયદેસર ની નોટીસ આપેલ છે . પ્રતિવાદી પંચાયત ની નોટીસ તદન ગેરકાયદેસર ની છે. આ નોટીસ વાદી ની સામે દ્રેશ યુકત તેમજ કીન્નારખોરી રાખી લોકો ની ચઢવણી થી કોઈ પણ જાત ની તપાસ કર્યા વગર પ્રતિવાદી એ નોટીસ આપેલી તે નોટીસ તદન કાયદા વિરુધ્ધ ની ગેરકાયદેસર નોટીસ છે અને તે નોટીસ ના આધારે પ્રતિવાદી પંચાયત વાદી નુ કાયદેસર નુ બાધકામ તેમની હદ માં છે તે બાધકામ પ્રતિવાદી લીગલ પ્રોસીજર કર્યા સિવાય તોડવા નો કોઈ હકક અધિકાર નથી તેમજ તે બાધકામ ની નોટીસ માં માપણી કર્યા વગર આશરે જે દબાણ બતાવેલ છે તેઆધારે વાદી નુ બાધકામ પ્રતિવાદી કાયદો હાથ લઈ ને તોડે નહી તેમજ પ્રતિવાદી નુ ગેરકાયદેસર કૃત્ય અટકવવા માટે મનાઈ હુકમ સિવાય કોઈ ઉપાય ઉપલબ્ન નથી જેથી વાદી ના ઓએ હાલ નો દાવો દાખલ કરેલ છે અને દાવા ની સાથે આ હાલ ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે ની અરજી આપેલ છે અને દાદ માગેલ છે કે ––

– દાવા અરજીના પેરા નંબર–૧ માં વર્ણન કરેલી દાવાવાળી મિલકત પ્રતિવાદી જાતે કે તેમના નોકરો, એજન્ટો મારફતે પ્રતિવાદી એ આપેલી નોટીસ ના આધારે વાદી ના મકાન ને કોઈ પણ પ્રકાર નો કોઈપણ રીતે નુકસાન કરે કરાવે નહી તેઓ કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી ઓ ની વિરુધ્ધ દાવા ના આખરી નિકાલ થતા સુધી ફરમાવવા મે. કરશોજી.

– નામદાર કોર્ટ ને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી હરકોઈ દાદ અપાવશોજી.

(૨) **પ્રતિવાદી નો જવાબ :–**

વાદી એ સદરહુ અરજી દાખલ કરતા આ કામના પ્રતિવાદી ના ઓ વિરુધ્ધ કારણોદર્શક નોટીસ કાઢવા માં આવેલ છે. જે નોટીસ પ્રતિવાદી ના ઓ ને બજતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક–૧૩ થી વાદી ના દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી નો સયુકત જવાબ આપેલ છે. આ જવાબ માં પ્રતિવાદી ઓએ મહંદ અંશે વાદી ના દાવા અરજી તથા મનાઈ અરજી ની હકીકત ખોટી છે તેમ જણાવેલ છે અને તેઓ એ જવાબ માં ખરી હકીકત જણાવેલ છે કે –''પ્રતિવાદી ગ્રામ પંચાયત અલીણા ના ચુટાયેલા સરપંચ છે અને ગ્રામજનો એ પ્રતિવાદી ને ચુટી સરપંચ તરીકે ગામ નો વહીવટ કરવા માટે હકદાર અને સતા ઓ આપેલ છે., તે આધારે પ્રતિવાદી ગામ ની વહવટી બાબતો તથા મહેસુલી નો પ્રતિવાદી વહીવટ કરે છે. તે જ રીતે ગામ ના વહીવટી બાબત તથા મહેસુલી બાબતો નો પ્રતિવાદી વહીવટ કરે છે., તેજ રીતે ગામ ના નાગરીકો ધ્વારા કરેલ દબાણ તથા ગામ ના જાહેર હીત વિરુધ્ધ ના થતા કૃત્યો બાબતે કાયદાકીય તથા પંચાયત ધારા મુજબ ની

જોગવાઈ ઓ મુજબ કાર્ય કરી ગામ નો યોગ્ય વહીવટ પ્રતિવાદી ધ્વારા કરવા માં આવે છે., આ કામ ના વાદી ગામ ના નાગરીક હોય તથા તેઓ એ સીટી સર્વે ના ક્ષેત્રફળ થી વધારે બાધકામ કરતા હોય આ બાબત ની જાણ સ્થાનજીક ઈસમો મારફતે લેખીત માં થતા પ્રતિવાદી ધ્વારા સ્થળ સ્થિતિ નુ નિરક્ષણ કરતા તથા સીટી સર્વે ના માપ થી વધુ ક્ષેત્રફળ મુજબ બાધકામ આ કામ ના વાદી કરતા હોય જેથી તેઓ ને મૌખીક રીતે જાણ કરતા તથા ગેરકાયદેસર બાધકામ નહી કરવા બાબતે જાણ કરેલ હોવા છતા વાદી માથાભારે અને ખોટી રીતે દબાણ કરવાની ટેવવાળા હોય પ્રતિવાદી ની વાત ને ધ્યાને નહી લઈ ને પોતાની મનમાની કરી ખોટા ઈસ્યુ ઉત્પનન કરી તથા પંચાયત ની ખુલ્લી જગ્યા માં પોતાની જગ્યા જણાવી તથા પ્રતિવાદી એ મંજુરી આપેલ હોય તેના કરતા તથા સીટી સર્વ ના માપ ઉપરાંત ના ક્ષેત્રફળ માં બાધકામ કરતા આ કામ ના વાદી એ લેખીત નોટીસ આપતા આ કામ ના વાદી ખોટી અને ગેરકાયદેસર રીતે બાધકામ કરતા પ્રતિવાદી એ કાયદેસર ની નોટીસ આપેલ હોવા છતા વાદી એ પ્રતિવાદી ની નોટીસ ને ગણકાર કર્યા સિવાય પોતાની મનમાની કરી તથા ખોટા પુરાવા ઉપસ્થિત કરી અને અને પંચાયત ની મિલકત ને પોતાની મિલકત દર્શાવી હાલ નો ખોટો દાવો દાખલ કરેલ છે અને તે રદ થવાને પાત્ર છે.

(૩) **પક્ષકાર ના ઓના વિ.વ.શ્રી ની દલીલો :––**

વાદી ના વિ.વ.શ્રી ધ્વારા આંક–૨૧ થી લેખીત દલીલો રજુ કરવા માં આવેલ છે તે વંચાણે લીધી.

પ્રતિવાદી ના વિ.વ.શ્રી ધ્વારા આંક–૨૩ થી લેખીત દલીલો રજુ કરવા માં આવેલ છે.

*B.M.Parmar*
*Principal Civil Judge,Mahudha*

(૪) **નિર્ણય માટે ના મુદદા :--**

(૧) શુ વાદી નો પ્રથમદર્શનીય કેસ છે ?

(૨) શુ સગવડતા-અગવડતા નુ પલ્લુ વાદી ના તરફેણ માં છે ?

(૩) શુ વાદી ના તરફેણ માં માગ્યા મુજબ નો મનાઈ હુકમ ન આપવા માં આવે તો વાદી ને નાણા થી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવાનો સંભવ છે ?

(૪) શુ હુકમ ?

(૫) ઉપરોકત મુદદા ના નિર્ણય નીચે મુજબ ના છે.

(૧) નકાર માં

(૨) નકાર માં

(૩) નકાર માં

(૪) આખરી હુકમ મુજબ

--: નિર્ણય અંગે ના કારણો :--

(૬) **<u>મુદદા નંબર-૧</u>**

હવે વાદી ની દાવા અરજી તથા મનાઈ અરજી તથા પ્રતિવાદી તરફે રજુ કરવા માં આવેલ જવાબ તથા પક્ષકારો ધ્વારા રજુ કરવા માં આવેલ દસ્તાવેજી પુરાવા ઘ્યાને લીધા તેમજ પક્ષકારો ના વિ.વ.શ્રી ની રજુઆત ઘ્યાને લીધી.

(૬.૧) સૌપ્રથમ તો રેકર્ડ ઉપર ની નિર્વિવાદીત હકીકત અનુસંધાને ની નોધ કરી એ--

## --: નિર્વિવાદીત હકીકત :--

મોજે અલીણા,તા. મહુધા , જી. ખેડા ના સીટી સર્વે નંબર-૨૧૫, ૨૧૬ તથા ૨૧૯ વાળી મિલકત અલીણા સીટી સર્વે પ્રોપર્ટી કાર્ડ માં વાદી ના નામે ચાલે છે.

(૬.૨) સદર કામે વાદી તથા પ્રતિવાદી તરફે ની મુખ્ય તકરાર ધ્યાને લઈ એ તો --

## --: વાદી તરફે ની મુખ્ય તકરાર :--

વાદી ની દાવા અરજી ધ્યાને લઈ એ તો વાદી તરફે મુખ્ય તકરાર છે કે, વાદી પક્ષ ના કેસ અનુસાર મોજે અલીણા ગામ ના સીટી સર્વે નંબર-૨૧૫, ૨૧૬ તથા ૨૧૯ વાળી તેઓ ની મિલકત જે આવેલ છે તેમા તેઓ વાદી ના ઓ એ કોઈ પણ જાત ના દબાણ કર્યા સિવાય તેઓ ની જ મિલકત માં કાયદેસર નુ બાધકામ કરેલ છે તેમ છતા પ્રતિવાદી એં ખોટી રીતે અને કીન્નરખોરી રાખી ને દબાણ દુર કરવા માટે ની ગેરકાયદેસર નોટીસ આપેલ છે.

## --: પ્રતિવાદી તરફે ની મુખ્ય તકરાર :--

સદર કામે પ્રતિવાદી તરફે મુખ્ય તકરાર લીધેલ છે કે વાદી એ તેઓ ની મિલકત ના સીટી સર્વે ના ક્ષેત્રફળ થી વધારે નુ બાધકામ તેઓ ની ઉકત મિલકત માં કરેલ છે અને આ ગેરકાયદેસર બાધકામ નહી કરવા બાબતે તેઓ

ને જાણ  કરેલ હોવા છતા વાદી એ મનમાની કરી  પંચાયત ની ખુલ્લી જગ્યા માં પંચાયત  ગેરકાયદેસર બાધકામ કરેલ છે.

(૬.૩)  હવે બંને પક્ષકારો ની ઉપરોકત નોધેલ છે તે મુખ્ય તકરાર ને ધ્યાને લઈ ને વાદી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે હકદાર છે કે કેમ તે અનુસંધાને ચર્ચા કરી એ તો --

હવે સદર કામે  વાદી ના જણાવ્યા અનુસાર તેઓ પોતાની મિલકત સીટી સર્વે નંબર-૨૧૫, ૨૧૬ તથા ૨૧૯ ની કાયદેસર ની માલીકી ની જગ્યા માં જ બાધકામ કરે છે અને તેઓ દબાણ કરેલ નથી. પંરતુ દબાણ ના કીસ્સા માં માપણી અધિકારી નો નકશો તથા પંચનામુ જરૂરી હોય છે. વાદી પોતાની માલીકી ની જગ્યા માં બાધકામ કરેલ છે તે રેકર્ડ લાવવા સારુ તેઓ એ  કોઈ માપણી અધિકારી  ધ્વારા માપણી કરાવેલ નથી.હાલ ના કામે દાવા ના કામે વાદી તરફે કોર્ટ કમીશ્નરશ્રી ધ્વારા  દાવાવાળી જગ્યા નુ પંચનામુ તથા નકશો કરાવવા માં આવેલ છે.  પંરતુ સદરહુ નકશો તથા કોર્ટ કમીશ્નરશ્રી ધ્વારા  જે પંચનામુ તથા નકશો કરવા માં આવેલ છે તેમા આ દાવાવાળી સ્થળસ્થિતિ રેકર્ડ ઉપર આવેલ છે . પંરતુ આ કોર્ટ કમિશ્નરશ્રી ધ્વારા  જે નકશો કરવા માં આવેલ છે તે ધ્યાને લઈ એ તો તેમા આ વાદી ના ઓ એ કેટલી  જગ્યા માં બાધકામ કરેલ છે તે જગ્યા ના કોઈ માપ દર્શાવેલ નથી.  આ કોર્ટ કમિશ્નરશ્રી ના પંચનામા માં પણ વાદી ના ઓ એ કેટલા માપ માં બાધકામ કરેલ છે તેનુ કોઈ માપ દર્શાવેલ નથી. જેથી વાદી ના ઓ એ દબાણ કર્યા સિવાય પોતાની જગ્યા ઉપર જ બાધકામ કરેલ છે તેવી કોઈ માનવા લાયક હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

જયારે બીજી તરફે પ્રતિવાદી તરફે માર્ક–૨૨/૧ થી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડ અલીણા ધ્વારા તારીખ આ વાદી ની મિલકત નંબરો –૨૧૫,૨૧૬તથા ૨૧૯ ની માપણી કરાવેલા નો નકશો રજુ કરવા માં આવેલ છે. સદરહુ નકશો ધ્યાને લઈ એ તો તેમા દર્શાવ્યા અનુસાર અને જણાવ્યા અનુસાર હાલ ના વાદી ના ઓ એ કાળી તુટક લીટી મુજબ તથા કાળી સળંગ લીટી મુજબ દીવાલ બાંધી દબાણ કરેલ છે તેવી હકીકત જણાવેલ છે. આમ આ નકશો માપણ અધિકારી ધ્વારા કરવા માં આવેલ છે. જયારે કોઈ પણ મિલકત માં દબાણ ની તકરાર હોય તેવા કીસ્સા માં માપણી અધિકારી ધ્વારા કરવા માં આવેલ નકશો મહત્વ નો પુરાવો ગણી શકાય. હાલ ના કામે પ્રતિવાદી તરફે આ જે માપણી અધિકારી નો નકશો રજુ કરવા માં આવેલ છે તેનાથી પ્રથમદર્શનીય રીતે વાદી ના ઓ એ દબાણ કરી અને બાધકામ કરેલા નુ જણાઈ આવે છે. વધુ માં પ્રતિવાદી નંબર–૨૨/૨ થી નાયબ કલેકટરશ્રી નડીયાદ ના ઓ ના સી.ટી.એસ. અપીલ નંબર– ૬૨/૨૩ ના હુકમ ની નકલ રજુ કરવા માં આવેલ છે. તે હુકમ ધ્યાને લઈ એ તો આ અપીલ હાલ ના વાદી ના ઓ એ તેઓ ની મિલકત નંબર–૨૧૫, ૨૧૬ તથા ૨૧૯ ની ઉતર દીશા એ આવેલ ૨.૯૫ જેટલી ખુલ્લી જગ્યા નો તેમની મિલકત નંબર–૨૧૫, ૨૧૮ તથા ૨૧૯ માં સમાવેશ કરવા માટે કરેલ હતી. પંરતુ નાયબ કલેકટરશ્રી ના ઓ ધ્વારા સદરહુ અરજી અગ્રાહય રાખેલ છે. આમ આ મિલકત આ વાદી ના ઓ એ પોતાની મિલકત નંબર–૨૧૫ ની આગળ ૨.૯૫ તથા મિલકત નંબર–૨૧૬ ની આગળ ૨.૯૫ તથા મિલકત નંબર– ૨૧૯ ની આગળ ૨.૯૫ નુ માર્ક–૨૨/૧ થી રજુ કરેલ નકશા માં જણાવ્યા મુજબ નુ દબાણ કરી અને દીવાલ બનાવેલ છે તેવુ જણાઈ આવે છે. આમ હાલ ના કામે વાદી પોતે જે તકરાર લે છે તે તકરાર ને માની શકાય તેવો કોઈ પણ દસ્તાવેજી

પુરાવો હાલ ના કામે વાદી તરફે રજુ કરવા માં આવેલ નથી. જયારે બીજી તરફે પ્રતિવાદી તરફે જે તકરાર લેવા માં આવેલ છે તેને માનવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે . . આમ હાલ ના કામે વાદી નો પ્રથમદર્શનીય કેસ છે તેવુ રેકર્ડ ઉપર આવેલ ના હોય જેથી મુદદા નંબર−૧ નો જવાબ અત્રે ની અદાલત દ્વારા નકાર માં આપવા માં આવે છે.

(૯) **<u>મુદદા નંબર−૨ તથા ૩</u>**

ઉપરોકત ચર્ચા કરી તે મુજબ વાદી ઓ નો પ્રથમદર્શનીય કેસ છે તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી . હાલ ના કામે વાદી પોતે પોતાની જ કબજા ભોગવટા ની જમીન ઉપર બાધકામ કરેલ છે અને કોઈ દબાણ કરેલ નથી તેવુ માનવા યોગ્ય પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી વાદી ને મનાઈ હુકમ આપવા માં ન આવે તો પણ વાદી ને અગવડતા પડે તેમ જણાઈ આવતુ નથી. તેમજ વાદી ને નાણા થી ભરપાઈ થઈ ના શકે તેવુ નુકસાન થવાની સંભાવના જણાઈ આવતી નથી જેથી મુદદા નંબર−૨ તથા ૩ નો જવાબ અત્રે ની અદાલત દ્વારા નકાર માં આપવા માં આવે છે.

(૧૦) **<u>મુદદા નંબર−૪</u>**

ઉપરોકત ચર્ચા કરી તે મુજબ વાદી હાલ ના કામે મનાઈ હુકમ મેળવવા ના ત્રણેય તત્વો પુરવાર કરી શકેલ નથી. વાદી તેવા કોઈ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર જ લાવી શકેલા નથી જેથી માની શકાય કે તેઓ એ પોતાની જગ્યા ઉપર જ બાધકામ કરેલ છે. જેથી વાદી ઓ માગ્યા મુજબ નો મનાઈ હુકમ

મેળવવા માટે હકદાર બનતા નથી. જેથી આ હકીકત ને ધ્યાને રાખી ન્યાય ના હીત માં નીચે મુજબ હુકમ કરવા માં આવે છે .

## હુકમ

(૧) વાદી ની હાલ ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવા ની અરજી આથી નામંજુર કરવા નો હુકમ કરવા માં આવે છે .

(૨) અરજી ના ખર્ચ નો નિર્ણય દાવા ના આખરી નિર્ણય ને અનુસરશે.

(૩) આ સાથે આ દાવા ના કામે ઈસ્યુ ફ્રેઈમ કરવા માં આવેલ છે જેથી બંને પક્ષકારો એ ત્રણ માસ માં પોતાના તમામ પુરાવા રજુ કરી દેવા નો હુકમ કરવા માં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ– મહુધા (ભરતકુમાર મનમોહનભાઈ પરમાર)
તા .––૦૩/૧૦/૨૦૨૪ પ્રિન્સિ. સિવિલ જજ, મહુધા
(કોડ નં.જીજે.૦૧૩૪૮)

*B.M.Parmar*
*Principal Civil Judge,Mahudha*